શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક
સ્વીચ લગાવો
જે મોટર ને
ઓટોમેટીક
ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ આઠમ શુક્રવાર ૨૪ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

બંગાળ અને તમિલનાડુમાં આઝાદી પછીનું સૌથી વધુ મતદાન

પશ્ચિમ બંગાળમાં વિક્રમી 92.25 ટકા અને તમિલનાડુમાં 85.03 ટકા મતદાન નોંધાયું

કોલકાતા, ચેન્નાઈ, તા. ૨૩: ભારતીય લોકશાહીના ઈતિહાસમાં 23 એપ્રિલ, 2026નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આઝાદી પછી પ્રથમવાર પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન મતદાનના તમામ જૂના રેકોર્ડ તૂટી ગયા છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, જનતામાં મતાધિકાર પ્રત્યે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો છે.

બંગાળમાં 'વોટની સુનામી'

પશ્ચિમ બંગાળના પ્રથમ તબક્કામાં કુલ 91.78% મતદાન નોંધાયું છે. સૌથી આશ્ચર્યજનક અને ગૌરવપૂર્ણ બાબત એ છે કે અહીં મહિલાઓએ પુરુષો કરતા વધુ ઉત્સાહ બતાવ્યો છે. બંગાળમાં 92.69% મહિલાઓએ મતદાન કરી લોકશાહીના પર્વને ગૌરવ અપાવ્યું છે. પીએમ મોદી અને મમતા બેનર્જી વચ્ચેના આ જંગમાં જનતાએ જે રીતે ઘરની બહાર નીકળીને મતદાન કર્યું છે, તે પરિવર્તન અથવા મજબૂત પુનરાવર્તનના સંકેત આપે છે.

તમિલનાડુમાં પણ નવો ઈતિહાસ

તમિલનાડુ: દ્રવિડિયન મોડલ વિરુદ્ધ NDA

તમિલનાડુની તમામ 234 બેઠકો પર એક જ તબક્કામાં મતદાન યોજાયું. 2011ના 78.29% ના રેકોર્ડને તોડીને આ વખતે 84% થી વધુ મતદાન થયું છે.

મુખ્ય મુકાબલો: સત્તારૂઢ DMKના 'દ્રવિડિયન મોડલ' અને વિપક્ષ AIADMK વચ્ચે કાંટાની ટક્કર છે, જ્યારે અભિનેતા વિજયની TVK અને સીમનની NTK એ મુકાબલાને વધુ રસપ્રદ બનાવ્યો છે.

ચૂંટણી પંચની જીત: નિષ્ણાતો આ ઉંચા મતદાનનો શ્રેય ચૂંટણી પંચના સુધારાઓ અને જાગૃતિ અભિયાનને આપી રહ્યા છે.

રેકોર્ડ મતદાન

પશ્ચિમ બંગાળ: 91.78% મતદાન (મહિલાઓ: 92.69%)
તમિલનાડુ: 84.69% મતદાન (મહિલાઓ: 85.76%)
પરિણામની તારીખ: 4 મે, 2026.

દક્ષિણ ભારતના મહત્વના રાજ્ય તમિલનાડુમાં પણ વોટિંગનો આંકડો 84.69% સુધી પહોંચ્યો છે, જે રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીનું સર્વોચ્ચ મતદાન છે. અહીં પણ મહિલાઓનો મતદાન દર 85.76% રહ્યો છે, જે દર્શાવે છે કે રાજકીય નિર્ણયોમાં હવે મહિલા શક્તિ નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ગુરુવારે આઝાદી પછીનું સૌથી વધુ મતદાન નોંધાયું હતું, જેમાં મતદાનના આંકડા અનુક્રમે 92.25 ટકા અને 85.03 ટકા સુધી પહોંચ્યા હતા. બંગાળના કેટલાક ભાગોમાં હિંસાની છૂટીછવાઈ ઘટનાઓ અને તમિલનાડુમાં રસાકસીભર્યા બહુકોણીય જંગ છતાં આ બંને ચૂંટણી પ્રક્રિયાઓમાં ભારે જનભાગીદારી જોવા મળી હતી.

તમિલનાડુમાં, જ્યાં એક જ તબક્કામાં મતદાન યોજાયું હતું, ત્યાં પણ દિવસ દરમિયાન સતત ઉત્સાહ જોવા મળ્યો હતો અને અંદાજે 5.67 કરોડ પાત્ર મતદારોમાંથી સાંજે 7 વાગ્યા સુધીમાં 85.03 ટકા મતદાન નોંધાયું હતું. રાજ્યમાં અત્યારે સત્તારૂઢ DMK, AIADMK-BJP ગઠબંધન અને અભિનેતા વિજયની પાર્ટી TVK વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે બંને રાજ્યોમાં મતદારોની ભાગીદારીનું આ પ્રમાણ 1947 પછીનું સૌથી વધુ છે, જે મતદારોની સક્રિયતાનું મજબૂત પ્રતિબિંબ છે.

...અનુસંધાન પાના 15 પર

બંગાળમાં હિંસાના છૂટાછવાયા બનાવો છતાં લોકોમાં ઉત્સાહ

પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચેના ઘર્ષણના અહેવાલો વચ્ચે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થયું હતું. મુર્શિદાબાદમાં હુમાયુ કબીરની AJUP અને TMC કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હોવાના અને દક્ષિણ દિનાજપુરમાં ભાજપના એક ઉમેદવાર પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. આવા છૂટાછવાયા બનાવો છતાં મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું હતું.

બંગાળમાં ભારે વિવાદાસ્પદ એસઆઇઆરની કામગીરી પછી આ ચૂંટણી યોજાઇ રહી છે જે કાર્યવાહીમાં લાખો મતદારોના નામ કપાઇ ગયા છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું હતું કે આ ઉંચુ મતદાન લોકોના એવા ભયનું પરિણામ છે કે તેઓ મતદાન નહીં કરે તો મતાધિકાર ગુમાવશે. જો કે તેમણે કહ્યું હતું કે મતદાનની પેટર્ન સૂચવે છે કે ટીએમસીને વિજય મળશે. જ્યારે વડાપ્રધાન મોદીએ નાદીયામાં બીજા તબક્કાની ચૂંટણી માટેની એક સભાને સંબોધન કરતા કહ્યું હતું કે આ ઉંચુ મતદાન પરિવર્તન માટે છે.

દિલ્હી ડાયરી

બીજેડીમાં આંતરિક હલચલ: સસ્મિત પાત્રાનું રાજીનામું

રાજ્યસભામાં બીજુ જનતા દળ (બીજેડી) ના સંસદીય પક્ષના નેતા તરીકે સસ્મિત પાત્રાના અચાનક રાજીનામાએ સૌને ચોંકાવી દીધા છે. કેટલાક લોકો આ પગલાને બીજેપી સાંસદ નિશિકાંત દુબે દ્વારા બીજુ પટનાયકને 'સીઆઈએ એજન્ટ' તરીકે ચિતરવાના પ્રયાસ સામે પક્ષનો બચાવ કરવામાં પાત્રાની નિષ્ફળતા તરીકે જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે બીજુ પટનાયક બીજેડીના સ્થાપક હોવા ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાની, કુશળ પાઇલટ અને દિગ્ગજ રાજકીય નેતા હતા. બીજી તરફ, અન્ય લોકોનું માનવું છે કે પાત્રાને હટાવવાનો નિર્ણય એવા નેતા માટે રસ્તો સાફ કરવા માટે લેવાયો છે, જે કેન્દ્ર સરકાર અને બીજેડી વચ્ચે આ નિર્ણાયક તબક્કે વધુ સારું સંતુલન જાળવી શકે. બીજેડી એક સમયે ભાજપની આગેવાની હેઠળના એનડીએમાં વિશ્વસનીય ભાગીદાર હતી, પરંતુ બાદમાં ભાજપે તેની સાથે છેડો ફાડી નાખ્યો હતો.

ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી અને બીજેડી સુપ્રિમો નવીન પટનાયકના રાજકીય સચિવ અને રાજ્યસભાના નવનિર્વાચિત સભ્ય સંતૃપ્ત મિશ્રા શરૂઆતમાં આ પદ માટે મોખરે ગણાતા હતા, પરંતુ અહેવાલો અનુસાર તેમણે આ જવાબદારી સ્વીકારવાનો ઇનકાર કર્યો છે. મિશ્રાના પીછેહઠ કરવાનું કારણ વ્યાપક ટીકા હોવાનું મનાય છે. કારણ કે, ઘણા લોકો તેમને પાત્રાની વિદાય પાછળના મુખ્ય સૂત્રધાર માની રહ્યા હતા.

...અનુસંધાન પાના 15 પર

હોર્મુઝ અવરોધતી ઈરાનની બોટોને જોતાવેંત ખતમ કરવા ટ્રમ્પનો આદેશ

આ જળમાર્ગમાંથી સુરંગો ખસેડવાની કામગીરી વધુ ઝડપથી કરવા પણ અમેરિકી દળોને આદેશ આપ્યો

દુબઈ, તા. ૨૩(AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે યુએસ સૈન્યને હોર્મુઝની સામુદ્રધુનીમાં પરિવહન રોકવા માટે સુરંગો બિછાવતી ઈરાનની નાની બોટોને જોતાવેંત ગોળીબાર કરી ખતમ કરવા આદેશ આપ્યો છે.

સોશિયલ મીડિયા પર ટ્રમ્પની આ પોસ્ટ અમેરિકી સૈન્ય દ્વારા ઈરાની તેલની દાણચોરી સાથે સંકળાયેલા વધુ એક ટેન્કરને જપ્ત કર્યાના થોડા સમય બાદ આવી છે. આ ઘટનાએ તેહરાન સાથેના ગજગ્રાહને વધુ તેજ બનાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના કુલ ફૂડ ઓઈલ અને કુદરતી ગેસના વેપારનો ૨૦ ટકા હિસ્સો આ સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. ટ્રમ્પે પોસ્ટ કર્યું, મેં અમેરિકી નેવીને એવી કોઈપણ બોટ, ભલે તે નાની બોટ હોય... જે હોર્મુઝની સામુદ્રધુનીના પાણીમાં સુરંગો નાખી રહી હોય તેને ખતમ કરી નાખવાનો આદેશ આપ્યો છે. આમાં જરાય અચકાવાનું નથી. વધુમાં, અમારા 'માઈન સ્વીપર્સ' અત્યારે સામુદ્રધુની સાફ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું, હું આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનો આદેશ આપું છું, પરંતુ હવે ત્રણ ગણી તીવ્રતા સાથે! તેમણે એમ પણ કહ્યું કે સૈન્ય આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં સુરંગો હટાવવાની કામગીરી તેજ કરી રહ્યું છે.

આ પગલું ઈરાનના અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ્સ' દ્વારા સામુદ્રધુનીમાં ત્રણ માલવાહક જહાજો પર હુમલો કરી તેમાંથી બેને કબજે કર્યાના એક દિવસ બાદ લેવામાં આવ્યું છે. સંરક્ષણ વિભાગે અગાઉ ગુરુવારે હિંદ મહાસાગરમાં જપ્ત કરાયેલા ગિનીના ધ્વજ ધરાવતા ઓઈલ ટેન્કર 'મેજેસ્ટિક એક્સ'ના ડેક પર અમેરિકી દળોના વીડિયો ફૂટેજ જાહેર કર્યા હતા. પેન્ટાગોનના નિવેદનમાં જણાવાયું છે કે, અમે ગેરકાયદેસર નેટવર્કને તોડવા અને ઈરાનને ભૌતિક સહાય પૂરી પાડતા જહાજોને રોકવા માટે વૈશ્વિક દરિયાઈ અમલીકરણ ચાલુ રાખીશું, પછી ભલે તેઓ ગમે ત્યાં કાર્યરત હોય.

ટ્રમ્પનો ઈરાનમાં નેતૃત્વના વિખવાદનો દાવો

ટ્રમ્પે આ અઠવાડીયે ઈરાનના કથળેલા નેતૃત્વને યુદ્ધના અંત અંગે સંયુક્ત પ્રસ્તાવ સાથે આવવા માટે વધુ સમય આપવા યુદ્ધવિરામ લંબાવ્યો છે, જ્યારે ઈરાની બંદરોની અમેરિકન નાકાબંધી ચાલુ રાખી છે. પાકિસ્તાન દ્વારા આયોજિત શાંતિ વાટાઘાટો ટૂંક સમયમાં ફરી શરૂ થશે કે કેમ તેના કોઈ તાત્કાલિક સંકેત મળ્યા નથી. ટ્રમ્પે ગુરુવારે એક અલગ પોસ્ટમાં દાવો કર્યો હતો કે મધ્યમમાર્ગી અને કટ્ટરપંથીઓ વચ્ચેના નેતૃત્વના વિખવાદે ઈરાનને મુંઝવણમાં મૂકી દીધું છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાન માટે તેમનો નેતા કોણ છે તે નક્કી કરવું ખૂબ મુશ્કેલ બની રહ્યું છે! તેઓ પોતે જ જાણતા નથી! ૮ એપ્રિલથી શરૂ થયેલા યુદ્ધવિરામ દરમિયાન ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે તેમની ટીમ એવા ઈરાની અધિકારીઓ સાથે સંપર્કમાં છે જેઓ સમજૂતી કરવા માંગે છે, જો કે તેમણે સ્વીકાર્યું હતું કે કેટલાક ટોચના નેતાઓને ખતમ કરવાના તેમના નિર્ણયથી કેટલીક જટિલતાઓ ઊભી થઈ છે.

લેબેનોનો મોરચે ફરીથી તનાવ

રાજદ્વારી મોરચે અન્યત્ર, લેબનોન અને ઈઝરાયેલ વોશિંગ્ટનમાં બીજા તબક્કાની મંત્રણા કરવા જઈ રહ્યા છે. લેબનોનમાં શુક્રવારથી અમલમાં આવેલા યુદ્ધવિરામની નાજુકતા દર્શાવતા, હિઝબુલ્લાહ કહે છે કે તેણે દક્ષિણ લેબનોનના તૈયબેહ ગામમાં ઈઝરાયેલી સૈનિકોને નિશાન બનાવીને ઈઝરાયેલી સ્થાનો પર હુમલો કર્યો છે. બંને પક્ષોએ એકબીજા પર ૧૦ દિવસના યુદ્ધવિરામનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો છે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં શિપિંગ માટે ખતરો

૨૮ ફેબ્રુઆરીથી ઈરાન, ઈઝરાયેલ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે શરૂ થયેલા યુદ્ધ પછી પર્સિયન ગલ્ફ, હોર્મુઝની સામુદ્રધુની અને ઓમાનના અખાતના પાણીમાં ૩૦થી વધુ જહાજો પર હુમલા થયા છે. હુમલાની ધમકી, વધતા વીમા પ્રિમીયમ અને અન્ય ડરને કારણે સામુદ્રધુનીમાંથી ટ્રાફિકની અવરજવર અટકી ગઈ છે. પર્સિયન ગલ્ફથી ખુલ્લા મહાસાગર સુધીના ટ્રાફિકને રોકવાની ઈરાનની ક્ષમતા એક મુખ્ય વ્યૂહાત્મક ફાયદો સાબિત થઈ છે. અમેરિકા દ્વારા ઈરાની જહાજો પરના હુમલા અને ઈરાન દ્વારા વ્યાપારી જહાજો પરના હુમલાઓને કારણે યુદ્ધવિરામ તણાવમાં છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં બંને પક્ષો ફરી ક્યારે મળશે તે પણ અસ્પષ્ટ છે. આ સંઘર્ષને કારણે ગેસના ભાવ આ પ્રદેશની બહાર પણ આસમાને પહોંચ્યા છે અને ખોરાક તેમજ અન્ય ચીજવસ્તુઓના ખર્ચમાં વધારો થયો છે. વિશ્વભરના અધિકારીઓએ ચેતવણી આપી છે કે વ્યવસાયો, ગ્રાહકો અને અર્થતંત્રો પર તેની અસર લાંબા ગાળાની હોઈ શકે છે.

પેટ્રોલ-ડીઝલમાં 25-28ના ભાવ વધારાની વાત માત્ર અફવા

પેટ્રોલ, ડીઝલના ભાવ વધારવાની હજી કોઇ યોજના નથી: ઓઇલ મંત્રાલય

વિધાનસભાઓની ચૂંટણીઓ પુરી થતાં જ આ ઇંધણોના ભાવમાં રૂ. ૨૫થી ૨૮નો વધારો થઇ શકે છે તેવા અહેવાલોને ભ્રામક ગણાવ્યા

સરકારી ઓઇલ કંપનીઓને પેટ્રોલ પર લિટરે રૂ. ૨૦ અને ડીઝલ પર રૂ. ૧૦૦ ખોટ જઇ રહી છે

નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઇ): સરકારે ગુરુવારે તે અહેવાલોને ફગાવી દીધા હતા જેમાં સૂચવવામાં આવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીઓ પછી તરત જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 25-28નો વધારો થઈ શકે છે, અને જણાવ્યું હતું કે આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. સરકારે એમ પણ જણાવ્યું હતું કે હાલમાં સરકારી માલિકીની ઓઇલ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૨૦ અને ડીઝલ પર લીટરે રૂ. ૧૦૦ની ખોટ જઇ રહી છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો સૂચવતા કેટલાક સમાચાર અહેવાલો છે. આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે સરકાર દ્વારા આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી, તેમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. આ સ્પષ્ટતા કોટક ઇન્સ્ટિટ્યુશનલ ઇક્વિટીઝના એક અહેવાલ પછી આવી છે જેમાં પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં 29 એપ્રિલે વિધાનસભા ચૂંટણીનું મતદાન સમાપ્ત થયા પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તીવ્ર વધારાનો સંકેત આપવામાં આવ્યો હતો. કોટકે ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ 120 ડોલરની નજીક રહેવાના આધારે કિંમતમાં પ્રતિ લિટર 25-28ના વધારાનો અંદાજ લગાવ્યો હતો. મંત્રાલયે કહ્યું કે આવા અહેવાલો નાગરિકોમાં ડર અને ગભરાટ પેદા કરવા માટે

...અનુસંધાન પાના 15 પર

ટ્રમ્પે ભારતને નરકની ખાડી જેવો દેશ ગણાવ્યો

ટ્રમ્પે કરેલી એક રિપોસ્ટમાં ભારતની સાથે ચીનને પણ નર્ક સમાન ગણાવાયું છે

ડેમેજ કન્ટ્રોલની કવાયતમાં અમેરિકી દૂતાવાસે કહ્યું કે ટ્રમ્પ ભારતને મહાન માને છે લેપટોપવાળા ગેંગસ્ટર': ભારતીય-ચીની નાગરિકો વિરુદ્ધ ઝેર ઓકનારા પોડકાસ્ટને ટ્રમ્પનું સમર્થન

વોશિંગ્ટન, તા. ૨૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાજકીય વિશ્લેષક અને રેડિયો હોસ્ટ માઈકલ સેવેજના પોડકાસ્ટને ફરીથી પોસ્ટ કર્યો છે, જેમાં તેમણે ભારત, ચીન અને અન્ય રાષ્ટ્રોને નર્ક સમાન ગણાવ્યા હતા. અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદામાં ફેરફાર કરવાની માંગ કરતા પોતાના વંશીય પ્રહારમાં સેવેજે આક્ષેપ કર્યો હતો કે આ બે એશિયાઈ દેશોના લોકો નવમા મહિનામાં બાળકને જન્મ આપવા માટે અમેરિકા આવે છે અને આ કાયદો તેમને તાત્કાલિક અમેરિકી નાગરિક બનાવી દે છે.

રિપબ્લિકન પ્રમુખે સેવેજના પોડકાસ્ટ 'સેવેજ નેશન'ની ટ્રાન્સક્રિપ્ટ અને વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેમણે જન્મજાત નાગરિકતા પર અમેરિકી સુપ્રીમ કોર્ટની દલીલોની આકરી ટીકા કરી હતી. રેડિયો હોસ્ટે અમેરિકામાં બિન-નાગરિકોને ત્યાં જન્મેલા બાળકોને મળતી આપમેળે નાગરિકતાના વિચાર પર પ્રહાર કર્યો અને આ મામલો અદાલતો પર છોડવાને બદલે રાષ્ટ્રીય લોકમત કરાવવાની માંગ કરી. તેમણે પત્રમાં લખ્યું કે, અહીં બાળક તાત્કાલિક નાગરિક બની જાય છે અને પછી તેઓ ચીન, ભારત અથવા પૃથ્વી પરના અન્ય કોઈ નર્કની ખાડી જેવા દેશમાંથી તેમના આખા પરિવારને અહીં લઈ આવે છે. આ પત્રમાં ભારતીય અને ચીની ઈમિગ્રન્ટ્સને લેપટોપ સાથેના ગેંગસ્ટર તરીકે પણ વર્ણવવામાં આવ્યા છે જેમણે અમારા ધ્વજનું અપમાન કર્યું છે. સેવેજે વધુમાં લખ્યું કે, તેમણે તમામ માફિયા પરિવારોએ ભેગા મળીને કર્યું હોય તેના કરતા પણ આ રાષ્ટ્રને વધુ નુકસાન પહોંચાડ્યું છે. મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ, તેઓ લેપટોપવાળા ગેંગસ્ટર છે. તેમણે આપણને લૂંટ્યા છે, આપણી સાથે બીજા વર્ગના નાગરિકો જેવો વ્યવહાર કર્યો છે, ત્રીજા વિશ્વનો વિજય થવા દીધો છે અને આપણા ધ્વજને કચડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેમાં વિદેશી નાગરિકોના અમેરિકામાં જન્મેલા બાળકોને આપમેળે નાગરિકતા મળી જાય છે તે કાયદાનો અંત લાવવા માટે ટ્રમ્પ અભિયાન ચલાવી રહ્યા છે.

અમેરિકાએ ગુરુવારે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક વિવાદાસ્પદ પોસ્ટથી થયેલા નુકસાનને ડામવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકાએ સંદેશ જાહેર કર્યો હતો કે અમેરિકી નેતા ભારતને એક મહાન દેશ માને છે અને તેના નેતા તેમના સારા મિત્ર છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે આ વિવાદ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું: અમે કેટલાક અહેવાલો જોયા છે. હું આ બાબતને અહીં જ વિરામ આપું છું.

તા. ૨૩-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન
મહત્તમ ૩૯.૮° સે. | લઘુત્તમ ૨૪.૮° સે. | ભેજ ૨૪%